सत्यमेव जयते

GJRJ020624962025

| | |
|---|---|
| આંક | |

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૯/૦૯/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૧૯/૦૯/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૨૯ /૦૪/૨૦૨૫ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## સાતમા અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (શ્રી એ.એસ.ખંડેલવાલ સાહેબ) ની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક:–** | ૪૭૭૩૩/૨૦૨૫ |
| **આંક:–** | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ગુ.ર.નં. ૧૧૨૦૮૦૪૪૨૫૦૫૨૬/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન:– | રાજકોટ શહેર પ્ર.નગર પોલીસ સ્ટેશન |
| **ફરિયાદી:–** | **શ્રી સરકાર (રાજય)** |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એ.જી.ઝાલા |
| **આરોપી:–** | નામ:–<br>**રોહિતભાઈ મંગલભાઈ પરમાર,**<br>ઉ.વ. ૩૩, ધંધો: ઘરકામ,<br>રહે. નરેશભાઈ પરમારના મકાનમાં ભાડેથી<br>બી વીંગ બ્લોક નં–૫૩,ચંદ્ર શેખર આઝાદ ટાઉનશીપ<br>રેલનગર, રાજકોટ. |
| બચાવપક્ષે:– | વિદ્વાન એલ.એ.ડી.સી. શ્રી સી.ડી.સાકળીયા |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૨૪/૦૬/૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૨૪/૦૬/૨૫ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૦૬/૦૮/૨૦૨૫ |
| તહોમતનામુ ઘડયા તારીખ:– | ૧૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૧૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૧૬/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ:–** | **૨૪/૦૪/૨૦૨૬** |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

## –:: આરોપીની વિગત ::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રોહીતભાઈ મંગલભાઈ પરમાર | ૦૨/૦૬/૨૫ | બી.એન.એસ એસ.નીકલમ–૩૫(૩–૬) મુજબની નોટીસ આપી સમજ કરેલ. | બી. એન. એસ. ૮૫ મુજબ | નિર્દોષ | –– | –– |

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

**<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>**

અ. ફરિયાદપક્ષ

| અનુક્રમ | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ ક્રમાંક ૧ | કાજલબેન રોહીતભાઈ પરમાર | ૧૦ | ફરિયાદી |

**ब. બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાક | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

**ક. અદાલત દ્વારા**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાક | અદાલત દ્વારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

**ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી**
**અ. ફરિયાદી**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૧ | થી ફરિયાદ |
| ૨. | ૧૨ | સ્થાનિક જગ્યાનું પંચનામુ |

**બ. બચાવ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | - |

**ક. ન્યાયલય**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | - |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

**-: ઠ રા વ :-**

**૦૧..** ફરીયાદપક્ષના કેસના ટુંકમાં હકીકત એવી છે કે, તા:૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કલાક સાંજના આસરે પાંચેક વાગ્યાની આસપાસ તથા ફરીયાદીના લગ્ન જીવન દરમ્યાન આ કામના ફરીયાદીને તેના લગ્નન જીવન દરમ્યાન તેના પતિ અવારનવાર શારિરીક માનસીક ત્રાસ આપતા ફરીયાદીના પોતાના પતિના ઘરે હોય ત્યારે ફરીયાદીના પતિ તરીકેનો સબંધ રાખવો ન હોય તથા ફરીયાદીને બાળકો સાથે ઘરની બહાર કાઢી મુકવા બાબતે ઝઘડો કરી તે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે રાજકોટ શહેરના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૫૦૫૨૬ /૨૦૨૫ થી બી. એન. એસ.ની કલમ-૮૫ મુજબની નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૦૨..** સદર કામે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા આરોપીને સમન્સ કરતા અને આરોપીને સમન્સની બજવણી બાદ આરોપી હાજર થતા આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૦૭ ની જાગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂદ્ધ ગુના સબબ અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૮થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ આ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

**૦૩..** ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **આંક–૧૧** થી **ક્લોઝીંગ પુરસીસ** રજુ રાખી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**૦૪..** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ. વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળેલ છે.

**૦૫..** હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દા :–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા:૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કલાક સાંજના આસરે પાંચેક વાગ્યાની આસપાસ તથા ફરીયાદીના લગ્ન જીવન દરમ્યાન આ કામના ફરીયાદીને તેના લગ્નન જીવન દરમ્યાન તેના પતિ અવારનવાર શારિરીક માનસીક ત્રાસ આપતા ફરીયાદીના પોતાના પતિના ઘરે હોય ત્યારે ફરીયાદીના પતિ તરીકેનો સબંધ રાખવો ન હોય તથા ફરીયાદીને બાળકો સાથે ઘરની બહાર કાઢી મુકવા બાબતે ઝઘડો કરી બી.એન.એસ.ની કલમ–૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**૦૬..** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**૦૭..** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

**૦૮..** ફરિયાદપક્ષ તરફે આ કામે બનાવની ફરિયાદ આપનાર મહત્વના ફરીયાદી સાહેદ કાજલબેન રોહીતભાઇ પરમારને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ થયેલા.તેમના પતિનું નામ રોહીતભાઇ મંગલભાઇ પરમાર છે. લગ્ન બાદ સાસરે તેમના પતિ સાથે રહેવા ગેયલી અને તેમના લગ્ન જીવનથી તેમને ત્યાં બે સંતાનનો જન્મ થયેલ. લગ્ન બાદ તેમને તથા તેમના પતિને ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થતી હતી આ સીવાય બીજી કોઇ ઘટના બનેલ ન હતી આથી તેમના પતિ સામે હાલના બનાવની ફરીયાદ આપેલી.વધુમાં ફરીયાદી આંક–૧૧ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી જણાવે છે કે, હાલ તેઓ તેમની સાસરીમાં રહે છે. આ કામે સમાધાન થઇ ગયેલ છે. કેસ આગળ ચાલવવો નથી અને હાલ તેમના સંતાન સાથે તેમના પતિ સાથે રહે છે આ સમાધાન તેમના માતા પિતાની હાજરીમાં થયેલ છે જેથી આ કેસ તેઓ આગળ ચલાવવા માગતી નથી કે આ કેસમાં બીજા કોઇ સાક્ષી તપાસવા માંગતી નથી. આમ, આ ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ ફરીયાદી જણાવે છે કે,એ વાત ખરી છે કે, તેઓએ સામાન્ય બોલાચાલી બાબતની ફરીયાદ આપેલી.પોલીસે તેની રીતે ફરીયાદ લખેલી અને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી.સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઇ બનેલ નહી હાલ તેઓ તેમની સાસરીમાંજ રહે છે હવે મારે સાસરીપક્ષના માણસો સાથે કોઇ મનદુખ નથી તેમને કેસ આગળ ચલાવવો નથી.સમાધાન થઇ ગયેલ છે. આમ, આ સાહેદની જુબાની પરથી ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી આરોપી વિરૂદ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**૦૯..** આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાની હકીકતો જોવામાં આવે તો ફરિયાદી

જણાવે છે કે, હાલ તેઓ તેમની સાસરીમાં રહે છે. આ કામે સમાધાન થઇ ગયેલ છે. કેસ આગળ ચાલવવો નથી અને હાલ તેમના સંતાન સાથે તેમના પતિ સાથે રહે છે આ સમાધાન તેમના માતા પિતાની હાજરીમાં થયેલ છે જેથી આ કેસ તેઓ આગળ ચલાવવા માગતી નથી કે આ કેસમાં બીજા કોઇ સાક્ષી તપાસવા માંગતી નથી. તેઓએ ફરીયાદ લખી લીધેલાનું જણાવે છે. પરંતુ ફરીયાદીને આરોપીઓ દ્વારા શારિરીક માનસીક ત્રાસ મળેલ હોય તેવી કોઇ હકીકત તપાસવામાં આવેલ ફરિયાદી તેમની જુબાનીમાં જણાવતા નથી તેમજ સમાધાન થઇ ગયેલ હોવાથી આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવી હકીકત જણાવતા હોવાનું જણાવતા હોય, તપાસવામાં આવેલા સાહેદ ફરિયાદી ફરિયાદપક્ષના મહત્વના સાહેદ હોય તેઓ પોતાની જુબાનીમાં આ કામના આરોપીની સંડોવણી પુરવાર થાય તેવી કોઈ જ હકીકત જણાવતા ન હોય તે સંજોગોમાં હાલના કામે રજુ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતુ ન હોય આરોપી પક્ષ દ્ધારા કબુલ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાનું કોઈ પુરાવાકિય મુલ્ય રહેતુ નથી અને તેથી આ કામના આરોપીએ ફરીયાદીને શારિરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં પોલીસ સાહેદો કે અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ આરોપી વિરૂદ્ધનો કેસ સાબીત થઈ શકે તેમ ન હોય ફરિયાદ પક્ષ તરફે રજુ કલોઝીંગ પુરસીસ આંક-૧૧ થી ગ્રાહ્ય રાખવામાં આવે છે અને આ કામે સમગ્ર પુરાવો ઘ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી સામે ફરમાવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી, ન્યાયના હિતમાં મુદ્દા નંબર-૨ માટે નીચે મુજબનો આખરનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપી **રોહિતભાઈ મંગલભાઈ પરમાર,** રહે. નરેશભાઈ પરમારના મકાનમાં ભાડેથી બી વીંગ બ્લોક નં-૫૩,ચંદ્ર શેખર આઝાદ ટાઉનશીપ રેલનગર, રાજકોટવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૪૮(૧) [**B.N.S.S.** ની કલમ-૨૭૮(૧)] અન્વયે બી.એન.એસ.ની કલમ-**૮૫** મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો.૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) [બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧] મુજબ આ કામના આરોપીએ રૂ૦ ૫૦૦૦/–ના સદ્ધર જામીન તથા તેટલીજ રકમનો જાતમુચરકો આપવો.

આ કામમાં આજરોજ તારીખ–૨૯ , માહે– **એપ્રિલ ,** સને–**૨૦૨૬** ના રોજ મારી સહી કરી ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા:૨૯ / ૦૪ /૨૦૨૬**

**(અભય સંજય ખંડેલવાલ)**
સાતમા અધિક જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ,
રાજકોટ.
UIC NO. GJ01662

(આર.એ.ચંદનાણી)
ગુજ. સ્ટેનો ગ્રેડ–૨,